શિવકથાના પાંચમા દિવસે શિવ અને પાર્વતિના વિવાહનો પ્રસંગ ઉજવાયો

હે - માં ભવાનીએ માતા સતિના સ્વરૂપે તપ કરી શિવ સાથે લગ્નનું વરદાન મેળવ્યું હતું

વડોદરા, રવિવાર, તા. ૩ નવેમ્બર

હરણી ખાતે આયોજીત શિવ કથાના પાંચમાં દિવસે આજે શિવ મહાપુરાણની કથા સાથે શિવ અને પાર્વતિના વિવાહની ઉજવણી કરાઇ હતી. જેની સાથે સાથે કથાકાર અને પરમ શિવભક્ત પ. પૂ. ગીરીબાપુ દ્વારા શિવના સતિ સાથે લગ્નની કથા પણ કહીં હતી.

શિવકથામાં પ. પૂ. ગીરીબાપુએ જણાવ્યું હતું કે, મહારાજ દક્ષના તપથી ખુશ થઇ માં ભવાનીએ તેમના ઘરે પુત્રી તરીકે અવતરણ કરવાનું વરદાન આપ્યું હતું. જે વરદાન મળેવી દક્ષ ઘરે આવે છે અને તેના નવ માસ બાદ માં ભવાની સતિનું રૂપ લઇ દક્ષના ઘરે અવતરે છે. જેઓ બાલ્ય અવસ્થાથી જ શિવના ભક્ત હતા. માતા સતિએ નાનપણાથી જ શિવની પૂજા કરતાં હતા. તેમને શિવનું અથાગ તપ કર્યું હતું. જેમાં તેમણે ઘનઘોર જંગલમાં લીલા પાન ખાઇને શિવનું તપ કર્ય હતું. જે બાદ તેમને સુકા પર્ણ અને ત્યાર બાદ તે પણ ખાવાનું છોડી ભયાવહ પ્રાણીઓ વચ્ચે માત્ર જળ ગ્રહણ કરી શિવનું તપ કર્યુ હતું.પ. પૂ. ગીરીબાપુએ વધુમાં જણાવ્યું હતું કે, માતા સતિના તપથી પ્રસન્ન થઇ શિવ હિમાલયમાં શિવલોક છોડી ઘનઘોર જંગલમાં સતિ પાસે આવ્યા અને તેમની પરીક્ષા લેવાનું નક્કી કર્યુ. એક સાધુનો વેષ ધરી તેમને સતિને શિવ સાથે લગ્ન ન કરવા સમજાવ્યા પણ સતિ સમજ્યા નહીં. અંતે સતિ ચાલવા લાગ્યા ત્યારે ભગવાન શિવે પોતાના સાચા સ્વરૂપમાં સતિની સાડીનો છેત્રો પકડી તેમને લગ્નના આર્શિવાદ આપ્યા હતા. જે બાદ દક્ષના આંગણે ભગવાન શિવની જાન આવી અને શિવના લગ્ન સતિ સાથે થયા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, લગ્ન બાદ ભગવાન શિવ સતિ સાથે એક આશ્રમમાં કથા સાંભળવા ગયા હતા. જ્યાં ભગવાન રામ પસાર થતાં હતાં. જેમની પાસે ભિક્ષા માગવા માતા સતિને ભગવાને શિવે કહ્યું હતું. પરંતુ માતા સતિ રામ પાસેથી કોઇ પણ ભિક્ષા લીધા વિના પરત આવતા ભગવાન શિવે તેમનો ત્યાંગ કર્યો હતો. જે બાદ એક દિવસ દક્ષને ત્યાં યજ્ઞા હતો જેમાં શિવ અને સતિ માતાને આમંત્રણ ન હતું. છતાં પણ માતા સતિ ત્યાં પહોંચ્યા હતા. તેમની માતાએ તેમનું સ્વાગત કર્યુ હતું. પણ પિતા દક્ષે તેમને સ્વીકાર્યા ન હતા. જેથી માતા સતિએ ત્યાં જ દેહ ત્યાગ કર્યો હતો. બીજી તરફ ભગવાન શિવનું અપમાન થયું હોય તેમને પોતાની ઝટામાંથી ભદ્રનું સર્જન કર્યુ જણે મહારાજ દક્ષ સાથે યુધ્ધ કરી તેમને પરાજીત કરી તેમનું વધ કર્યુ હતું. જે બાદ ભગવાન શિવ માતા સતિનું શવ લઇને બ્રહમાંડમાં ફરતા હતા. તે સમયે વિષ્ણુએ પોતાના ચક્ર વડે માતા સતિના શવના ટુકડા કર્યા હતા. જે ટુકડા જ્યાં પડયા ત્યાં ત્યાં શક્તિપીઠની સ્થાપના થઇ છે. જે બાદ માતા સતિએ હિમાલય પુત્રી પાર્વતિ તરીકે પુનઃ અવતાર લીધો અને તપ કરી ભગવાન શિવ સાથે પુનઃ લગ્ન થયા હતા.

જે લગ્નોત્સવની આજે કથાના અંતમાં ઉજવણી કરાઇ હતી. જેમાં ભગવાન શિવ અને પાર્વતિની જાનમાં દેવી દેવતાઓ, સંતો મહંતો અને ભૂતડાઓ જોડાયા હતા. ભગવાન શંકરના કરણના ફુલો અર્પણ કરવાથી મનોકામના પૂર્ણ થાય છે

જે ખેડૂતોએ પાક વીમો નથી લીધો તેમને કેન્દ્રના નિયમો મુજબ સહાયતા મળશે : સીએમ રૂપાણી

ગાંધીનગર,તા.૩

રાજયમાં 'મહા' વાવાઝોડાની અસરના કારણે કમોસમી વરસાદ વરસ્યો છે. આ મામલે રાજયમાં ખેડૂતોને પારવાર નુકસાની થઈ છે. રાજયમાં માવઠાના કારણે મગફળી, ડાંગર, દિવેલા, કપાસ, કઠોળ અને બાગાયતી ખેતીને નુકસાની થતાં ખેડૂતો પાયમાલ થયા છે. આ સ્થિતિમાં પાક વીમા માટે નોંધણી પ્રક્રિયાનો આજે છેલ્લો દિવસ છે ત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નિવેદન આપ્યું છે કે 'જે ખેડૂતોએ પાક વીમોન નહીં લીધો હોય અને નુકસાની થઈ હશે તેમને કેન્દ્રના નિયમો મુજબ સહાયતા કરવામાં આવશે.'

મોરબી ખાતે એક કાર્યક્રમમાં આવેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે ' સરકાર દિલ્હી સ્થિત વીમા કંપનીઓના સંપર્કમાં છે. પાક વીમા માટે ટોલ ફ્રી નંબર બંધ હોવાની ફરિયાદો હતી. સરકારે સરવેના અને સહાયના આદેશો આપ્યા છે. જે ખેડૂતોએ પાક વીમો નથી લીધો તેમણે ચિંતા કરવાની જરૂર નથી. કેન્દ્ર સરકારના નોર્મ્સ મુજબ તેમને સહાયતા ચુકવવામાં આવશે.''

ગઈકાલે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ખેડૂતોના પાકના નુકસાનનો સર્વે પૂરતો અને વ્યવસ્થિત કરવામાં આવશે. ખેડૂતોના નુકસાન સામે પૂરતી સહાય કરવામાં આવશે. વીમા કંપનીને સરકારે ત્રણ દિવસથી સૂચના આપી છે.

આ અંગે કેન્દ્ર સરકારથી પણ તમામ સૂચનાઓ આપવામાં આવી છે. જે પણ ખેડૂતોએ વીમો લીધો છે તેમને વળતર મળે તે માટે સીધી સૂચના અપાઇ છે. જે ખેડૂતોએ વીમો નથી લીધો તેમને પણ કેન્દ્રની ગાઇડલાઇન પ્રમાણે સરાય મળશે.

અમદાવાદમાં ફરી પાણીની ટાંકી ધરાશાયી, ૨૨ વર્ષીય યુવતી ઈજાગ્રસ્ત

અમદાવાદ,તા.૩

અમદાવાદમાં વધુ એક પાણીની ટાંકી ધરાશાયી થઈ છે. ઘાટલોડિયાના કર્મચારી નગર નજીક પાણીની ટાંકી ધરાશાયી થતા ૨૨ વર્ષીય યુવતી ઈજાગ્રસ્ત થઈ છે, જ્યારે બાજુમાં પાર્ક કરેલી અલ્ટો કારને નુકસાન થયું છે. પાણીની ટાંકી ધરાશાયી થયા બાદ બાજુમાં આવેલા એક મકાનમાં ૩ ફૂટ પાણી ભરાઈ ગયા છે. ધરાશાયી થયેલી ટાંકી ૨૫ વર્ષ જૂની હોવાનો સ્થાનિકોનો દાવો છે. સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે તંત્રએ કરેલા સર્વેમાં ટાંકીમાં ખામી જણાઈ હતી અને ટાંકી ક્ષતિગ્રસ્ત હોવા છતાં ઉતારવામાં ન આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ત્યારે તંત્રની વધુ એક મોટી બેદરકારી સામે આવી છે.

ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી આ ટાંકી ૨૫થી વધુ વર્ષો જૂની ટાંકી હતી. થોડા સમય અગાઉ ટાંકીની સ્થિતિને લઈ સરવે કરાયો હતો. આ સરવેમાં ટાંકી ક્ષતિગ્રસ્ત જણાઈ હોવા છતાં તેને ઉતરવામાં તંત્ર રહ્યું નિષ્ફળ રહ્યું હતું. રાત્રે ૨ વાગ્યાથી ટાંકીમાં લિકેજ શરૂ થયું હતું. ગઈકાલે પણ પાણી લિકેજ થતા ટાંકીમાં પાણી બંધ કરાયું હતું. આખરે ૪.૩૦એ ટાંકી ધરાશાયી થઈ હતી. જેને કારણે નજીક પાર્ક કરેલી એક અલ્ટો કારના બૂકડો બોલાઈ ગયો હતો. તેમજ પાણીની ટાંકીને અડીને એક મકાન હતું, જેમાં ૩ ફૂટ જેટલા પાણી ભરાયા હતા. સદનસીબે કોઈ જાનહાનિ ન થઈ. પરંતુ આ ઘટનામાં ૨૫ વર્ષીય ફાલ્ગુની આચાર્ય નામની મહિલા ઈજાગ્રસ્ત બની હતી. તેના હાથે ફ્રેક્ચર આવ્યું હતું.

પરંતુ સ્થાનિકોએ જણાવ્યું કે, ટાંકી પડી ત્યારે ભૂકંપ જેવો અહેસાસ થયો હતો. વહેલી સવારે ધડાકાભેર પડતા લોકો ગભરાયા હતા. ઘટના બાદ ફાયર વિભાગે ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. ફાયરની ટીમ દ્વારા કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરાઈ હતી.

નવા વર્ષની સુખદ ઘટના

વડોદરાની કૃપાલીને ઈટાલિયન દંપતિએ દત્તક લીધી : બાળકીનું નામ નહી બદલાય

વડોદરા , તા.૩

વડોદરાની સરકારી વિશેષ દત્તક સંસ્થાની આશ્રિત કૃપાલીને ઈટાલીનના એરિકો અને કી અને કાટીઆએ દત્તક લીધી હતી. જિલ્લા કલેક્ટરને આ ઘટનાને નવા વર્ષની સુખદ ઘટના તરીકે મુલવી અને મનો દિવ્યાં બાળકોને અપનાવવા માટે હાર્દિક ધન્યવાદ આપ્યા હતાં. તાજેતરમાં કલેક્ટરએ આ બાળકી સાતે હરખભેર દિવાળી ઉજવી હતી.

જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલે તાજેતરમાં વડોદરા સ્થિત સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની સરકારી વિશેષ દત્તક સંસ્થામાં કૃપાલીને અન્ય આશ્રિત બાળકો સાથે ખુબજ હરખભેર દિવાળી ઉજવી હતી. આજે એક ખાસ કાર્યક્રમમાં છેક ઈટાલીથી આવેલા પ્રેમાળ દપત્તિને સંતાનના રૂપમાં આ કૃપાલીને જિલ્લા કલેકટરએ કાયદેસરના વાલીપણા હેઠલ સુપ્રત કરી હતી.

ભારત સરકારની કારા સંસ્થા દ્વારા કાયદામાં ઠરાવેલી દત્તક પ્રક્રિયા પૂર્ણ કરીને કૃપાલીને માતાપિતા અને કુટુંબના છત્ર હેઠળ મુકવાનિ વિધિસર મંજુરીના પગલે આ શકય બન્યું હતું.

શાલિની અગ્રવાલે આ હૃદયસ્પર્શી ઘટનાને નવા વર્ષની પ્રથમ અને સર્વાધિક સુખદ ઘટના તરીકે મુલવી હતી. અને એક મનો દિવ્યાંગ બાળકીને હોંશભેર અને દિલની લાગણીથી સંતાન તરીકે અપનાવી લેવા માટે ઈટાલીયન યુગલને હાર્દિક ધન્યવાદ આપ્યા હતા. ખાસ વાત એ છે કે સંસ્થામાં કૃપાલીનું ભારતીય પરંપરા પ્રમાણેનું નામ પામેલી કૃપાલી એના નવા દેશના નવા પરિવેશ અને નવા ઘરમાં કૃપાલીના ભારતીય નામે જ ઓળખાશે આ બાળકીને વ્હાલા સંતાન તરીકે ગળે લગાડનાર શ્રીમાન એરિકો વેતુરા અને શ્રીમતી કાટીઆ મેંઘીનો આ નિર્ણય સહુના હૃદયને સ્પર્શી ગયો હતો. સમગ્ર પ્રક્રિયાના ઝડપી અને સમયબધ્ધ સંકલન માટે સંસ્થાના નિયામક મંડળના થિમંત ભટ્ટ અને સદસ્યો, જિલ્લા સમાજ સુરક્ષા અને બાળ સુરક્ષા કચેરીના અધિકારીઓ અને પદાધિકારીઓને અભિનંદન આપવાની સાથે ભવિષ્યમાં આવી યશસ્વી કામગીરી કરવા માટે પ્રોત્સાહીત કર્યા હતા.

૭ નવેમ્બરે નિતીન પટેલની ઉપસ્થિતિમાં તાના-રીરી સંગીત સમારોહ યોજાશે

વડનગર,તા.૩

૭ નવેમ્બરે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલની ઉપસ્થિતિમાં તાના-રીરી સંગીત સમારોહ યોજાશે. જેમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી વિભાવરી દવે અને રમતગમત યુવા અને સાંસ્કૃતિ પ્રવૃતિઓના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહેનાર છે. આ દિવસે તબલા-તબલા સંસ્થાનની દિકરીઓ દ્વારા અને જુગલબંધી સિતાર સમક સંસ્થાની દિકરીઓ દ્વારા રજૂ થનાર છે. પંડિત રોનુ મજુમદાર એન્ડ ગ્રુપ દ્વારા ફ્લ્યુટ,તબલા,પખાવજ -જુગલબંધી ,પંડિત વિશ્વજીત રોય ચૌધરી દ્વારા સરોદવાદન અને શ્રી રાહુલ શિવકુમાર શર્મા દ્વારા સંતુરવાદન રજૂ થશે. તાના-રીરી મહોત્સવ દર વર્ષે કારતક સુદ નોમના દિવસે ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૧૦થી તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ આપવાની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આપવાની શરૂઆત કરાઇ હતી. આ એવોર્ડમાં રૂ. ૦૫ લાખની રાશી (સંયુક્ત રીતે રૂ ૦૨.૫૦ રૂપિયા) ,તામ્રપત્ર અને શાલ એનાયત કરવામાં આવે છે. પ્રથમ વર્ષે ૨૦૧૦-૧૧ માં સંયુકત રીતે સંગીત બેલડી લતા અને ઉષા મંગેશકરને,બીજા વર્ષે ૨૦૧૧-૧૨માં પદ્મભૂષણ ગિરીજાદેવીને, ૨૦૧૨-૧૩માં કિશોરી અમોનકર, ૨૦૧૩-૧૪માં સુશ્રી બેગમ પરવીન સુલતાના, ૨૦૧૪-૧૫માં સુશ્રી સ્વર યોગીની ડો,પ્રભા અત્રે, ૨૦૧૫-૧૬ માં શ્રીમતી વિદુષી મંજુબહેન મહેતા અમદાવાદ અને ડો શ્રીમતી લલીત જે રાવ મહેતા બેંગ્લોરને અર્પણ કરાયો હતો.

'મહા' વાવાઝોડાના પગલે નવસારી દરિયા કાંઠાનાં ૨૦ ગામ સતર્ક કરાયા

સુરત,તા.૩

અરબી સમુદ્રમાં સર્જાયેલા ડીપ ડિપ્રેશન સિસ્ટમના કારણે મહા વાવાઝોડાની દહેશત વ્યાપી છે. મહા વાવાઝોડું દક્ષિણ ગુજરાત સહિતના તમામ દરિયાકાંઠાને અસર કરશે. જેને પગલે ગુજરાતના દરિયા કાંઠાના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. બીલીમોરા નજીકના કાંઠા વિસ્તારના ધોલાઈ બંદરે અને મેંધર ભાટ ગામ સહિતના કાંઠા વિસ્તારોના ૨૦ ગામોને એલર્ટ કરી દેવાયા છે. વહીવટી તંત્ર સાબદું બન્યું છે. દરિયાઈ ફિશિંગ હાલ બંધ કરી કોઈને દરિયામાં નહીં જવા તાકીદ કરાઈ છે.

સાબરમતીના મલ્ટિમોડેલ ટ્રાન્સપોર્ટ હબની કામગીરીનો શુભારંભ

અમદાવાદ,તા.૩

અમદાવાદ શહેરમાં મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર કામગીરી કરવાની સાથે નેશનલ હાઈસ્પીડ રેલવે કૉર્પોરેશન લિમિટેડે તેના પહેલા સ્ટેશન સાબરમતી ખાતે મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ તૈયાર કરશે. અહીં ઑફિસ, હૉટેલ અને પાર્કિંગની સુવિધાઓ હશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂમિપૂજન કર્યું હતું તે મેદાનમાં હબ તૈયાર કરવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે. જ્યાં લગભગ ૪૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નવ માળનું ટર્મિનલ બિલ્ડિંગ તૈયાર કરાશે. શહેરમાં બુલેટ ટ્રેનના સ્ટેશનની કનેક્ટિવિટી મળવાની સાથે સાબરમતીના જેલ રોડ અને ધર્મનગર સ્ટેશન, એઈસી મેટ્રો રેલવે સ્ટેશન અને બીઆરટીએસ સ્ટેશન સાથે ફૂટ ઓવરબ્રિજ, એસ્કેલેટર, ટ્રાવેલેટર દ્વારા કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવાશે. એ જ રીતે ખાનગી વાહનો, બસ, જિપ, રિક્ષા, ટેક્સી, ટૂ વ્હીલર સહિત અન્ય વાહનોની ડ્રોપ અને પિકઅપ સુવિધા મળશે. નવ માળના તૈયાર થનારા આ ટર્મિનલ બિલ્ડિંગમાં બેઝમેન્ટ તેમ જ પ્રથમ ત્રણ માળ સુધી પાર્કિંગ વ્યવસ્થા ઉપરાંત સરકારી અને પ્રાઈવેટ ઑફિસ, રેસ્ટરૂમ, હૉટેલ, રિટેલ સ્ટોર સહિતની સુવિધાઓ મળશે.

દિકરાએ પિતાનું સ્વપન સાકાર કરવા કોલેજના નિમાર્ણ માટે ૨.૫૧ કરોડનું દાન આપ્યું

તારાપુર,તા.૩

તારાપુર પંથકમાં સ્નાતક કક્ષાની શિક્ષણની કોઇ વ્યવસ્થા નથી. જેથી પંથકના વિદ્યાર્થીઓને ઉચ્ચકક્ષાનું શિક્ષણ મેળવવા માટે આણંદ-ખંભાત જેવા એજ્યુકેશન હબ ધરાવતા શહેરો સુધી લાંબુ થવું પડતું હતું. જેથી છેવાડાના ગામોના વિદ્યાર્થીઓ આગળનો અભ્યાસ પડતો મુકતાં હતાં. શિક્ષણની જ્યોત જલાવવાની ખેવના સાથે કાંતીભાઇ ધુળાભાઇ પટેલે ૨૫ વર્ષ અગાઉ ગામમાં કોલેજનું નિર્માણ કરવાનું સ્વપ્ન સેવ્યું હતું. તેઓએ જેતે સમયે લાખો રૂપિયાની જમીન વેચાતી લઇ કોલેજ માટે કેળવણી મંડળને ભૂમિદાન કર્યું હતું. તેમના દિકરાએ પિતાનું સ્વપન સાકાર કરવા માટે તારાપુરમાં જ આર્ટસ, સાયન્સ, કોમર્સ કોલેજના નિમાર્ણ માટે ૨.૫૧ કરોડનું માતબાર દાન આપ્યું હતું. તારાપુરમાં જે કોલેજ શરૂ થશે તે કોલેજનું નામ વિજયભાઈ ચુનીભાઈ પટેલ કોલેજ રાખવામાં આવશે તેવું શૈલેષભાઈએ જાહેર કરેલ છે. વિજયભાઈ એ પટેલ કાંતીભાઈના પરમ મિત્ર હતા. વિજયભાઈ હાલ સ્વર્ગવાસી છે. પરંતુ તેમની માટેલ મોટેલ તેમના ધર્મપત્ની મિનાક્ષીબેન ચલાવતા હતા. જે મોટેલ શૈલેષભાઈ કાંતીભાઈ પટેલને સારા ભાવે વેચાતી આપી અને શૈલેષભાઈએ નક્કી કર્યુ કે તેમાંથી જે કાંઇ ફાયદો થાય તેનો દરેક ભગવાનના નામ, ગરીબોની સેવા માટે, કોલેજ, વિદ્યાદાન માટે કાયમ વાપરવામાં આવશે. કાંતીભાઈના પરમ મિત્ર વિજયભાઈનું નામ આપી શૈલેષભાઈએ પોતાના મિત્રનું ઋણ અદા કરેલ છે.

ટેન્કર સાથે અથડાયા બાદ લક્ઝરી બસ સળગી, ૩નાં મોત

ભરૂચ,તા.૩

ભરૂચ નજીક હાઈવે પર લુવારા પાટિયા નજીક એક ખાનગી લકઝરી બસ અને ટેક્કર વચ્ચે અકસ્માત થયો હતો. અકસ્માત થતા જ બસમાં આગ લાગી હતી. આ અકસ્માતમાં ૩ લોકોના મોત થયા. અન્ય મુસાફરોને સમય રહેતા બચાવી લેવામાં આવ્યા છે. દુર્ઘટનાને કારણે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિકજામ થતા વાહનચાલકોને ભારે હાલાકી પડી હતી.

VOLTAMP TRANSFORMERS LIMITED
CIN: L31100GJ1967PLC001437
Regd. Off.: Makarpura, Vadodara – 390014.
Ph : 0265 3041403/480, Fax: 3041499
E-mail : vmm_ipo@voltamptransformers.com
Website : www.voltamptransformers.com

NOTICE

NOTICE is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 a meeting of the Board of Directors of the Company will be held on **Monday, November 11, 2019** at the Registered Office of the Company inter-alia, to consider and approve the unaudited financial results for the Quarter ended September 30, 2019.

This information is also available on the website of the Company at **www.voltamptransformers.com** and on website of the Stock Exchanges where the shares of the Company are listed at **www.bseindia.com** and **www.nseindia.com**

By order of the Board,
For VOLTAMP TRANSFORMERS LIMITED
Sanket Rathod
Company Secretary

Place: Vadodara
Date: 01-11-2019

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
ફ્રી મુદતની જાહેર નિવિદા નં. ૫ સને ૨૦૧૯-૨૦.

કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ,ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્ય.બોર્ડ, બી-૧૧ શાસ્ત્રીનગર સોસાયટી, ચસુંધરા મીલની બાજુમાં, વડોદરા હાઇવે, છોટાઉદેપુર-૩૯૧૧૫૫ ફોન નં.(૦૨૬૬૯)૨૩૨૩૪૩ તરફથી બી-૧ ફોમર્મા રીજીવીનેશન કાર્યક્રમ હેઠળ કાછલા (મોરખલા) ગામ ખાતે ૫૦૦ એલ.પી.એચ. ક્ષમતાનાં આર.ઓ. પ્લાન્ટ બેસાડવાની કામગીરી અંદાજીત રકમ રૂ. ૩.૭૪ લાખ કામનાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

આ પ્રકારનાં માલસામાનનાં ઉત્પાદક કંપનીઓ, ઉત્પાદિત કંપનીનાં ઓથોરાઇઝડ ડીલર, આ પ્રકારની કામગીરીનાં અનુભવનાં પ્રમાણપત્રો ધરાવતાં અને સરકારશ્રીનાં ઠેકેદારની યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન/નોંધણી ધરાવતાં ઇજારદારો પાસેથી ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા.૦૮/૧૧/૨૦૧૯ ૧૬.૦૦ કલાક સુધી અને ભરેલ ટેન્ડરો ફક્ત રીજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી પરત મેળવવાની છેલ્લી તા.૧૫/૧૧/૨૦૧૯ ૧૬.૦૦ કલાક સુધી રહેશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાનાં પાણીની સમસ્યા અંગે ગ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડનો હેલ્પલાઇન નંબર-૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

(માહિતી-વડો ૮૬૩ ૨૦૧૯-૨૦)

વડોદરા મહાનગર પાલિકા
www.vmcgov.in
પાણી અંગેની અગત્યની જાહેરાત

વડોદરા મહાનગર પાલિકાના પાણી પુરવઠા શાખા દ્વારા સોમાતલાવ ચાર રસ્તા પાસે કપુરાઇ તરફ જતી પાણીની મુખ્ય ફિડર નળીકાની લીકેજ દુરસ્તીની કામગીરી તા.૦૪/૧૧/૨૦૧૯ ને સોમવારના રોજ કરવાની હોઇ તરસાલી ટાંકી, કપુરાઇ ટાંકી, નવીનૂ જી.આઇ.ડી.સી. ટાંકી, બાપોદ ટાંકી, સોમાતલાવ બુસ્ટર, મકરપુરા એર ફોર્સ બુસ્ટર થી તા.૦૪/૧૧/૨૦૧૯ ના રોજ બપોરના તથા સાંજના સમયનું પાણી વિતરણ કરી શકાશે નહિ. તેમજ તા.૦૫/૧૧/૨૦૧૯ ના રોજ સવારના સમયનું જાંબુવા ટાંકી થી પાણી વિતરણ કરી શકાશે નહિ, તેમજ ઉપરોક્ત તમામ ટાંકીઓ-બુસ્ટર ખાતેથી તા.૦૫/૧૧/૨૦૧૯ ના રોજ સવારના સમયનું હળવા દબાણથી પાણી વિતરણ કરવામાં આવશે. આથી જાહેર જનતાએ નોંધ લેવા તેમજ કામગીરીમાં સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ.નં.423 /૧૯-૨૦ કાર્યપાલક ઇજનેર(પા.પુ.પ્રોજેક્ટ)

LACTOSE
LACTOSE (INDIA) LIMITED
GOVT. RECOGNISED EXPORT HOUSE
સીઆઇએનએલ ૧૫૨૦૧જીજી૧૯૯૧પીએલસી૦૧૫૧૮૬

લેક્ટોસ (ઈન્ડિયા) લિમિટેડ
રજી. ઑફિસ: સર્વે નં.૬,ગામ પોઈચા (રાણીયા),સાવલી, જીલ્લો: વડોદરાગુજરાત: ૩૯૧૭૮૦
ટેલિફોન:૦૨૨-૨૪૧૧૭૦૩૦/૩૧/૩૨ ફેક્સ નં:૦૨૨-૨૪૧૧૭૦૩૪
ઈ-મેઈલ : lactose@vsnl.com
વેબસાઈટ : www.lactoseindialimited.com

અત્રે નોટીસ આપવામાં આવે છેકે એસઈબીઆઇસિરક્યુલર નં.એસઈબીઆઈ/એચઓ/એમઆઈઆરએસડી/ડીઓએસ ૩/સીઆઇઆર/પી/૨૦૧૮/૧૩૯ અનુસાર, કે જે ફીઝીકલ મોડનાં શેર ટ્રાન્સફર માટે ૬, નવેમ્બર ૨૦૧૮ના રોજ અસ્તિત્વમાં આવેલ છે. જેમાં ટ્રાન્સફરની સહી નથી/ ટ્રાન્સફરની સહીમાં ઘણો તફાવત છે/ ટ્રાન્સફર સહયોગ આપતો નથી અથવા તો મળતો નથી.

ઉપરોક્ત સર્ક્યુલરનાં સંદર્ભે, અમે આપને જણાવવા માંગીએ છીએ કે અમારી પાસે ખરીદકર્તાની નીચે મુજબની અરજી આવેલ છે. અને તેની વિગત નીચે મુજબ છે

વેચાણકર્તાની નોટીસ નં.	વેચાણકર્તાનો ફોલિયો	ટ્રાન્સફરરનું નામ	શેરની સંખ્યા	ખરીદકર્તાનું નામ
SN ૯૫૯	નં 00૨૯૫૬૧	અનિમા દાસ	૨૦૦	સુબોધ બાલા નંદા

SN૯૫૯ પ્રમાણપત્રની વિગત નીચે મુજબ છે

પ્રમાણપત્ર નં.	સ્ટાર્ટ ડીસ્ટીકટીવ નં.	એન્ડ ડીસ્ટીકટીવ નં.	શેર
૩૫૯૨૧–૩૫૯૨૧	૪૧૩૭૮૬૧	૪૧૩૭૯૬૦	૧૦૦
૪૭૦૬૬–૪૭૦૬૬	૪૯૧૭૫૮૮	૪૯૧૭૬૬૮૭	૧૦૦

વેચાણકર્તાની નોટીસ નં.	વેચાણકર્તાનો ફોલિયો	ટ્રાન્સફરરનુ નામ	શેરની સંખ્યા	ખરીદકર્તાનું નામ
SN ૯૬૦	નં 000૧૯૨૦	જગદીશ પ્રસાદ અગ્રવાલ	૨૦૦	સુધા અગ્રવાલ

SN૯૬૦ પ્રમાણપત્રની વિગત નીચે મુજબ છે

પ્રમાણપત્ર નં.	સ્ટાર્ટ ડીસ્ટીકટીવ નં.	એન્ડ ડીસ્ટીકટીવ નં.	શેર
૧૯૨૦–૧૯૨૦	૧૯૧૨૭૧	૧૯૧૩૭૦	૧૦૦
૨૪૯૫૬–૨૪૯૫૬	૩૫૧૪૬૭૩	૩૫૧૪૭૭૨	૧૦૦

જો કોઈ વ્યક્તિને આ શેર ટ્રાન્સફર,ઉપરોક્ત ખરીદકર્તાને ટ્રાન્સફર કરવા સામે વાંધો હોય તો તે/તેણીએ, આ નોટીસ પ્રસિધ્ધ થયાના ત્રીસ દિવસની અંદર દાવો દાખલ કરવો. જો કોઈ કંપની તરફથી આ તારીખથી ત્રીસ દિવસની અંદર, ઉપરોક્ત શેર બાબત કોઈ દાવો કરવામાં નહી આવે તો ઉપરોક્ત શેર, દસ્તાવેજોની ચકાસણી બાદ ટ્રાન્સફર કરી દેવામાં આવશે.

ઉપરોક્ત વિગતો કંપનીની વેબસાઈટ www.lactoseindialimited.com પર તેમજ બીએસઈની વેબસાઈટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ રહેશે.

વધુ માહિતી/અરજી માટે સંબંધિત શેરહોલ્ડરો કંપનીની વેબસાઈટ https:// www.lactoseindialimited.com/investors-relations.php પર કંપનીના કંપની સેક્રેટરીનો સંપર્ક સાધી શકે છે.

લેક્ટોસ (ઈન્ડિયા) લિ. વતી.
સહી/–
રિધ્ધી સિધ્ધપુરા
કંપની સેક્રેટરી એન્ડ કમ્પલાયન્સ ઑફિસર

તારીખ: 0૪, નવેમ્બર,૨૦૧૯
સ્થળ : મુંબઈ